જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૦/૨૦૧૫ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૧૧૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી અને ૨૦ વ્યક્તિઓને ઝડપી ૯૭ લીટર દેશી દારૂ, ૧૬૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૬ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠલ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૨૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૬/૧૫**

**વસ્ત્રાપુરઃ** દીનેશકુમાર હમીરાભાઇ કલાસુવા (રહે. ગામ-ટામટીયા તા-આંનદંપુરી જી બાંસવાડા રાજસ્થાન) એ તા ૧૭/૧૦/૧૫ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા ૧૪/૧૦/૧૫ નારોજ મેમનગર ગુરુકુળ રોડ ઓનેસ્ટ હોટલની સામે યુનીવર્સીટીના કોટ નજીકથી અજાણી વ્યક્તિ પોતાના પુત્ર હીતેશ (ઉ.વ.૮) નુ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે બી રાણા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૭/૧૫**

**સોલા હાઈકોર્ટઃ** મનનભાઈ પ્રદિપભાઈ પંડયા (રહે.આઈ સી બી સીટી વંદે માતરમ ચાર રસ્તા પાસે ગોતા) એ તા.૧૭/૧૦/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૦/૧૫ સવારના ૧૦/૩૦ થી થી સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૭૫,૦૦૦/-મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ બી સૈયદ ચલાવે છે.

**નિકોલઃ** મનોજભાઇ હર્ષદભાઇ સીરોયા (રહે. પંચરત્ન એવન્યુ,દીપક સ્કુલની સામે,ક્રીશ રેસીડેન્સીની બાજુમાં, નીકોલ) એ તા.૧૭/૧૦/૧૫ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૦/૧૫ રાતના ૯/૦૦ થી તા.૧૭/૧૦/૧૫ કલાક ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ પોતાના ઘરમાં પ્રવેશ કરી સોના દાગીના કિંમત રૂપિયા ૯,૪૦,૦૦૦/- અને રોકડા રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ્લે રૂપિયા ૯,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ જે ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૮/૧૫**

**ચાંદખેડાઃ** ધર્મેન્દ્ર આત્મારામ ગૌસ્વામી (રહે.વિઠલ ફ્લેટ સ્ટેડીયમ પ્લાઝાની સામે મોટેરા ચાંદખેડા) એ તા.૧૭/૧૦/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૧૦/૧૫ બપોરના ૪/૧૫ થી થી ૪/૪૫ વાગ્યા દરમ્યાન આરોપી પડોષમાં રહેતા દીપાબહેન મોદી, ધર્મેન્દ્ર ગૌસ્વામીના ખુલ્લા મકાનમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૩૫,૦૦૦/-મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી સી દેસાઈ ચલાવે છે.

**કાગડાપીઠઃ** ખુશાલચંદ્ર ભીમરાજ બાલર (રહે.ન્યુ રીટા પાર્ક સોસાયટી સુજાતા ફ્લેટ પાસે શાહીબાગ) એ તા.૧૭/૧૦/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે એકાદ વર્ષથી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન કાગડાપીઠ ખાતે સફલ-૧ અને સફલ ૩ ના ગોડાઉનમાંથી ૧૨૫ શર્ટના કાપડની ગાંસડીઓના રોલ અને ૬૦ કાપડની ગાસડીઓ રોલ મળી કુલ ૧૮૫ ગાસડીઓ કિમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી એમ મકવાણા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૯/૧૫**

**નરોડાઃ** નીધીબહેન ડૉ/ઓ પ્રદીપભાઈ સોની (રહે.નંદીવિલા સોસાયટી નંદીગ્રામ કોતરપુર સરદારનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૦/૧૫ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે નીધીબહેનના ભાવી પતિ હીતેશભાઈ (ઉ.વ.૨૯) નાના ચિલોડા રીંગ રોડ સર્કલ નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર કેએ ૨૫ ડી ૭૭૯૭ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા હીતેશભાઈને ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી પી સોલંકી ચલાવે છે.

**એલીસબ્રીજઃ** અબ્દુલઅઝીજ ઈબ્રાહીમ બાગબાન (રહે.ડાયમંડ પાર્ક ફજલ એપાર્ટમેન્ટ પાસે દાણીલીમડા) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૦/૧૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે અબ્દુલઅઝીજનો ભત્રીજો મહમદઅનીફ અબ્દુલસમદ બગબાન (ઉ.વ.૨૩) વા.સા.હોસ્પીટલ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે બસ નંબર જીજે ૧૮ વાય ૯૬૩૮ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા મહમદઅનીફને માથાના ભાગે ગંભીર ઈજાઓ સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી એન ખોખરા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૨૦/૧૫**

**સાબરમતીઃ** વિજય શંકર મિશ્રા (ઉ.વ.૩૫) (રહે.બીજો માળ નોલમ સોસાયટી) એ તા.૧૭/૧૦/૧૫ સવારના સમયે કોઈ કારણસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની હે.કો.શ્રી રાજેશ માનસિંગ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)